GJSK150000402005

| | |
|---|---|
| દાખલ તારીખ | ૧૬/૦૮/૨૦૦૫ |
| રજીસ્ટર તારીખ | ૧૬/૦૮/૨૦૦૫ |
| ફેસલ તારીખ | ૦૬/૦૮/૨૦૨૬ |
| સમયગાળો | વર્ષ માસ દિવસ |
| | ૨૧ ૦૦ ૧૦ |

**<u>સાબરકાંઠા જિલ્લાના મજુર અદાલતના પ્રમુખ અધિકારીશ્રી</u>**
**<u>એન.કે. નાચરે સમક્ષ, મુકામ હિંમતનગર.</u>**

**રેફરન્સ (એલ.સી.એચ.) નંબર – ૧૮૦/૨૦૦૫**

**આંક: ૪૬**

**પ્રથમ પક્ષકાર :–** (૧) **વન પરીક્ષેત્ર અધિકારીશ્રી,**
વન પરીક્ષેત્ર અધિકારીની કચેરી,
વિસ્તરણ રેન્જ, લક્ષ્મીપુરા ચાર રસ્તા પાસે,
ખેડબ્રહ્મા, જિલ્લો – સાબરકાંઠા.
(૨) **નાયબ વનસંરક્ષણશ્રી,**
વિસ્તરણ વિભાગ, બહુમાળી મકાન,
બી–બ્લોક, હિંમતનગર, જિલ્લો – સાબરકાંઠા.

**વિરૂદ્ધ**

**બીજા પક્ષકાર :–** **બુબડીયા લાલજીભાઇ પીઠાભાઇ,**
C/O. ઓલ ગુજરાત જાહેર બાંધકામ મજુર મંડળ,
સરલ એપાર્ટમેન્ટ, કેશવનગર ઓક્ટ્રોઇ નાકા પાસે,
સાબરમતી, અમદાવાદ.

| | | |
|---|---|---|
| **હાજર રહ્યા :–** | **પ્રથમ પક્ષકાર તરફે :** | વિ.વ.શ્રી એચ.બી.ત્રિવેદી |
| | **બીજા પક્ષકાર તરફે :** | વિ.પ્રતિ.શ્રી ડી.સી.સિંહાલી |

.............................................................................................

**<u>વિષય :– ઔદ્યોગિક વિવાદ ધારા ૧૯૪૭ ની કલમ–૧૦(૧)હેઠળ</u>**
**<u>ન્યાય નિર્ણય કરવા બાબત...</u>**

## -: એવોર્ડ :-

(૧) આ કામના પક્ષકારો વચ્ચે ઉદભવેલ ઔદ્યોગિક તકરારની ફરિયાદ સંબધે મદદનીશ શ્રમ આયુક્તની કચેરી, હિંમતનગર તરફથી તારીખ ૧૬/૦૮/૨૦૦૫ ના હુકમ નંબર ક્રમાંક: મશ્રઅક/હિંમત/૨૦૦૫/૩૪૧૫ થી અત્રેની મજુર અદાલત, હિંમતનગર, જિલ્લો- સાબરકાંઠા માં ન્યાય નિર્ણય અર્થે સુપ્રત કરવામાં આવેલ છે. જેની અનુસુચી નીચે મુજબ છે.

-:: અનુસુચિ ::-

**બુબડીયા લાલજીભાઈ પીઠાભાઈ ને પડેલા દિવસોના પગાર સહિત તેમને મુળ જગ્યાએ નોકરીમાં પુન:સ્થાપિત કરવા જોઈએ કે કેમ?**

રેફરન્સ દાખલ થતા રેફરન્સના બન્ને પક્ષકારોને નોટિસ કાઢવામાં આવેલ. જે નોટિસ બન્ને પક્ષકારોને બજી ગયેલ છે. આ કામે રેકર્ડ ધ્યાને લેતા તારીખ ૧૫/૦૯/૨૦૧૬ નારોજ પ્રમુખ અધિકારી મજુર અદાલત, હિંમતનગર નાઓએ બીજા પક્ષકારનુ રેફરન્સ નંબર ૧૮૦/૨૦૦૫ અંશત: મંજુર કરવાનો હુકમ કરેલો અને બીજા પક્ષકારને નોકરીમાંથી છુટા કરવાનુ પગલુ ગેરકાયદેસર ઠરાવવામાં આવેલ તેમજ બીજા પક્ષકારને નોકરીમાંથી છુટા કર્યા ત્યારથી સળંગ નોકરી ગણી મુળ જગ્યાએ નોકરીમાં પુન:સ્થાપિત કરવાનુ પ્રથમ પક્ષકારને હુકમ કરવામાં આવેલુ. ત્યારબાદ પ્રથમ પક્ષકાર દ્વારા સદર રેફરન્સ નંબર ૧૮૦/૨૦૦૫ ફરી ફાઈલે લેવા ડીલે પરચુરણ અરજી નંબર ૦૯/૨૦૧૭ દાખલ કરવામાં આવેલી. જેમા પ્રમુખ અધિકારી મજુર અદાલત, હિંમતનગરનાઓએ કામદારને ખર્ચના રૂપિયા ૨,૦૦૧/-(અંક રૂપિયા બે હજાર એક પુરા) દિન-૩૦ માં ચુકવી આપવાની શરતે ફરી ફાઈલ અરજીને ગુણદોષ ઉપર ચલાવવા હુકમ કરવામાં આવેલો. જે ફરી ફાઈલ અરજી નંબર ૩૨/૨૦૧૯ ના કામે પ્રમુખ અધિકારી મજુર અદાલત, હિંમતનગર નાઓએ કામદારને ખર્ચની રકમ રૂપિયા ૨,૫૦૧/-(અંકે રૂપિયા બે હજાર પાંચસો એક પુરા) હુકમ ની જાણ થયાના દિન-૩૦ માં ચુકવી આપવાની શરતે મુળ રેફરન્સ સેટેસાઈડ કરવાનો હુકમ કરવામાં આવેલો. જે હુકમના આધારે મુળ રેફરન્સ કેસ આગળ ચલાવવામાં આવેલો છે.

**<u>માંગણા નિવેદનની હકીકતો :-</u>**

(૨) આ કામે બીજા પક્ષકાર તરફે આંક-૦૫ થી માંગણા નિવેદન રજુ થયેલ છે. જેની ટૂંકમાં હકીકત એવી છે કે, બીજા પક્ષકાર ૧૪ વર્ષથી પ્રથમ પક્ષકારની સંસ્થામાં સતત રોજમદાર ચોકીદાર તરીકેની એક જ જગ્યા ઉપર ફરજ બજાવતા આવેલા અને ફિક્સ પગાર રૂપિયા ૧,૮૦૦/- ચુકવવામાં આવતા હતા. બીજા પક્ષકાર તથા અન્ય રોજમદાર ઓલ ગુજરાત જાહેર બાંધકામ મજુર મંડળમાં સભ્ય બનતા તથા અન્ય રોજમદારો અવારનવાર કાયમી કરવા માટે તથા પગાર રેગ્યુલર આપવા માટે અવારનવાર મંડળ તરફથી રજુઆતો કરતા આવેલા અને તારીખ ૨૫/૧૦/૨૦૦૪ નારોજ પરીક્ષેત્ર વન નિરીક્ષક આર.કે.પટેલ ના હસ્તક કામ કરતા બીજા પક્ષકારને અને અન્ય રોજમદારો એ કલેકટર સમક્ષ ધરણાનો કાર્યક્રમ કરી કાયમી કરવા અંગેની માંગણી બાબતે આવેદન પત્ર કલેકટરશ્રીને આપેલ. જેથી બીજા પક્ષકાર ઉપર કિન્નખોરી તથા દ્વેષભાવ રાખીને પ્રથમ પક્ષકારે તારીખ ૧૮/૧૧/૨૦૦૪ નારોજ થી બીજા પક્ષકારની સતત જુની નોકરીને ધ્યાનમાં લીધા વગર ગેરકાયદેસર રીતે કામમાં ફેરબદલી કરવાનો પત્ર વનપરીક્ષેત્ર અધિકારી આર.કે.પટેલને આપીને નોકરીમાંથી છુટા કરી દીધેલ. ત્યાર પછી કામની ફેરબદલીની જગ્યાએ બીજા પક્ષકાર તથા અને રોજમદારો હાજર થવા જતા રોજમદારોને વન પરીક્ષેત્ર અધિકારીશ્રી આર.કે.પટેલે જણાવેલ કે, તમોએ ખાડા ખોદવા પડશે અને જેટલા ખાડા ખોદસો તેટલુ મહેનતાણુ મળશે અને તમને જે ફિક્સ પગાર મળતો હતો તે ભુલી જવાનો. આમ મૌખિક હુકમ આપીને જણાવેલ કે, તમને ચોકીદાર તરીકે રાખવાના નથી. વન પરીક્ષેત્ર અધિકારીશ્રી આર.કે.પટેલના કામની ફેરબદલીના પત્રો ઉપરથી તેમજ મૌખિક સુચનાઓ જોતા તદ્દન વિરોધાભાસ ઉભો થાય છે. જે સ્પષ્ટ દેખાય છે. બીજા પક્ષકાર તથા અન્ય રોજમદારો કોઇ આંદોલન કરીયે નહિ અને પોતાનુ સંગઠન ના બનાવીયે તેવા બદઈરાદાપૂર્વક બીજા પક્ષકારને તથા અન્ય રોજમદારોની લાંભી નોકરીને નુકશાન પહોંચાડવા અને વગર પૈસે રોજમદારો નોકરી છોડીને જતા રહે અને પોતાનો કોઇ અવાજ રજુ ના કરે તેવા બદઈરાદાથી વન પરીક્ષેત્ર અધિકારીશ્રી આર.કે.પટેલે બીજા પક્ષકાર તથા અન્ય

રોજમદારોને મુળ જગ્યાએથી હટાવી દઇને ફક્ત કામની ફેરબદલી કરવામાં આવે છે તેવા પત્રો આપીને નોકરીમાં નહિ રાખીને બદઇરાદો રાખીને કૃત્ય કરેલ છે. જેથી મંડળ તરફથી લાગતા વળગતા અધિકારીઓને તારીખ ૦૯/૧૨/૨૦૦૪ તથા ૨૨/૧૨/૨૦૦૪ નારોજ નોકરીમાં મુળ જગ્યાએ પુન:સ્થાપિત કરવા રજુઆતો મોકલેલ તેમ છતા વન પરીક્ષેત્ર અધિકારીશ્રી આર.કે.પટેલે બીજા પક્ષકારને કામે રાખેલા નહિ.

વધુમાં તારીખ ૩૦/૦૩/૨૦૦૫ નારોજ પણ બીજા પક્ષકાર તથા અન્ય રોજમદારો વન પરીક્ષેત્ર અધિકારીશ્રી આર.કે.પટેલને નોકરીમાં રાખવા માટે રૂબરૂ મળેલા તે વખતે પણ વન પરીક્ષેત્ર અધિકારીશ્રી આર.કે.પટેલે બીજા પક્ષકાર તથા અન્ય રોજમદારોને નોકરીમાં રાખવાને બદલે બિભ્તસ્ચ વર્તન કરી ગાળો આપી કામે રાખેલ નહિ. તે બાબતે વન પરીક્ષેત્ર અધિકારીશ્રી આર.કે.પટેલને તારીખ ૩૧/૦૩/૨૦૦૫ નારોજ રજીસ્ટર્ડ એડીથી મંડળે કાયદેસરની નોટિસો આપેલ છે અને તેની નકલો લાગતા વળગતા અધિકારીઓને પણ મોકલેલ છે. જેને લીધે વન પરીક્ષેત્ર અધિકારીશ્રી આર.કે.પટેલે બીજા પક્ષકાર તથા અન્ય રોજમદારોને ઘરે ઘરે જઇને એવી ધમકીઓ આપેલ કે તમે લોકોએ મારા વિરુધ્ધ જે અરજી કરેલી છે તે પાછી ખેંચી લો નહિતર તમને ખેડબ્રહ્માામાં આવા જવાનુ બંધ કરાવી દઇશ. આમ છેલ્લા કેટલાક સમયથી રોજમદારો ઉપર વન પરિક્ષેત્ર અધિકારીશ્રી આર.કે.પટેલે ત્રાસ ગુજારવાનુ ચાલુ કરી દઇને હેરાન પરેશાન કરેલ. વન પરિક્ષેત્ર અધિકારીશ્રી આર.કે.પટેલે જે રીતે ધમકીઓ આપવાનુ શરૂ કરેલ તે તદ્દન ગેરકાયદેસર તથા ગેરેકાનૂની છે અને ફોજદારી કાયદાઓના વિરૂધ્ધનુ છે. અને વન પરિક્ષેત્ર અધિકારીશ્રી આર.કે.પટેલે આ રીતે બીજા પક્ષકાર અને અન્ય રોજમદારોમાં ભયની લાગણી ફેલાવીને માનસિક ત્રાસ આપવાનુ શરૂ કરીને નોકરીમાં લીધેલ નહી. જેથી કરીને તારીખ ૧૩/૦૪/૨૦૦૫ નારોજ મંડળ તરફથી વન પરિક્ષેત્ર અધિકારીશ્રી આર.કે.પટેલને નોટિસ આપેલ અને તેની નકલો લાગતા વળગતા અધિકારીઓને પણ મોકલેલ પરંતુ વન પરિક્ષેત્ર અધિકારીશ્રી આર.કે.પટેલના વર્તનમાં કોઇ ફેરફાર થયેલ નહિ કે નોકરીમાં રાખેલ નહી અને બીજા પક્ષકાર

તેમજ અન્ય રોજમદારો અગાઉ જે સ્થળો ઉપર ચોકીદાર તરીકે ફરજ બજાવતા હતા તે જગ્યાએ કામ કરતા હતા ત્યાં અન્ય નવા રોજમદારોને નોકરીમાં રાખી લીધેલ છે. આમ જુના રોજમદારોને સદંતર અન્યાય કરેલ. જેથી કરીને માન્ય મુખ્યમંત્રીશ્રીને તારીખ ૧૪/૦૫/૨૦૦૫ નારોજ જરૂરી આવેદન પત્ર આપેલુ. તેમ છતા પણ નોકરીમાં લીધેલા નહિ.

બીજા પક્ષકારને પ્રથમ પક્ષકારે ગેરકાયદેસર, ગેરકાનુની રીતે કુદરતી ન્યાયના સિદ્ધાંતો વિરૂધ્ધ જઇને મુળ જગ્યાયેથી નોકરીમાંથી છુટા કરી દીધેલ જેથી માનનીય મદદનીશ શ્રમ આયુક્ત સાહેબશ્રી સમક્ષ હિંમતનગર ખાતે પડેલા દિવસોના પગાર સહિત નોકરીમાં મુળ જગ્યાએ નોકરીની સળંગતાથી પુન:સ્થાપિત કરવા માટે ફરિયાદ કરેલી. જ્યા મુદતમાં પ્રથમ પક્ષકાર સંસ્થા તરફથી વન પરિક્ષેત્ર અધિકારીશ્રી આર.કે.પટેલ હાજર રહેલા. બીજા પક્ષકારને નોકરીમાં રાખવા છે કે નહિ તે અંગેનો કોઇ જવાબ રજુ કરેલ નહિ. જેથી મદદનીશ શ્રમ આયુકતશ્રીએ બીજા પક્ષકારને નોકરીમાંથી છુટા કર્યા તારીખથી પડેલા દિવસોના પગાર સહિત મુળ જગ્યાએ નોકરીની સળંગતાથી પુન:સ્થાપિત કરવા અંગેનો રેફરન્સ નામદાર અદાલતને સુપરત કરેલ છે. જેથી બીજા પક્ષકારે નીચે મુજબની દાદ માંગેલ છે કે,

(અ) બીજા પક્ષકારને પ્રથમ પક્ષકારે તારીખ ૧૮/૧૧/૨૦૦૪ નારોજથી ગેરકાયદેસર,ગેરકાનૂની રીતે કુદરતી ન્યાયના સિદ્ધાંતો વિરૂધ્ધ જઇને નોકરીમાંથી છુટા કરેલ છે. તેમ ઠરાવવા નમ્ર અરજ કરેલ છે.

(બ) બીજા પક્ષકારને નોકરીમાંથી છુટા કર્યા તારીખ ૧૮/૧૧/૨૦૦૪ થી પડેલા દિવસોના પગાર સહિત મુળ જગ્યાએ નોકરીમાં હોત તો મળવાપાત્ર તમામ હક્કો અને લાભો સહિત સળંગ નોકરીથી પુન:સ્થાપિત કરવાનો યોગ્ય હુકમ કરવ નમ્ર અરજ કરેલ છે.

(ક) નામદાર અદાલતને યોગ્ય અને વ્યાજબી લાગે તેવી તમામ દાદ અપાવવા નમ્ર અરજ કરેલ છે.

(ડ) આ અરજીનો ખર્ચ રૂપિયા ૩૦૦૦/– અપાવવા નમ્ર અરજ કરેલ છે.

(ઈ) આ કેસમાં પ્રથમ પક્ષકાર સંસ્થા તરફથી વકીલ કે લીગલ પ્રેકટીશનર્સ હાજર થાય તેમા બીજા પક્ષકારની સંમતિ નથી.

**પ્રથમ પક્ષકારનો લેખિત જવાબ:-**

(૩) પ્રથમ પક્ષકારને નોટીસની બજવણી થતા તેઓ વકિલશ્રી મારફતે હાજર થઇ આંક-૧૩ થી પોતાનો લેખિત જવાબ રજુ કરેલ છે. વધુમાં તેઓએ બીજા પક્ષકારના માંગણા નિવેદન મુજબની હકીકતોનો ઈન્કાર કરી ખરી હકીકતે જણાવે છે કે, આ કામે બીજા પક્ષકારને તારીખ ૧૮/૧૧/૨૦૦૪ થી પડેલા દિવસો સાથે નોકરીમાં પુન:સ્થાપિત કરવાની દાદ માંગવાનો કોઇ હકક નથી કારણ કે, સદર સંસ્થામાં આવી કોઇ જ કાયમી જગ્યા આવેલ નથી અને પ્રથમ પક્ષકારે ક્યારેય આઇ.ડી.એક્ટ કલમ ૨૫ એફ.એન.જી. નો ભંગ કરેલ નથી અને ક્યારે પણ આઇ.ડી. અન્વયે કોઇ હુકમ જો બીજા પક્ષકારે મેળવેલ હોય તો તે નામદાર કોર્ટમાં પુરાવાથી સાબિત કરવુ જોઇએ અન્યથા પ્રથમ પક્ષકારને કબુલ મંજુર નથી અને આ કામે બીજા પક્ષકારની અરજી રદ થવાને પાત્ર છે.

**બીજા પક્ષકારનો પુરાવો:-**

(૪) આ કામે બીજા પક્ષકારે નીચે મુજબનો મૌખિક પુરાવો રજુ કરેલ છે.

**-: મૌખિક પુરાવા :-**

| ક્રમ | વિગત | આંક |
|---|---|---|
| ૧ | બીજા પક્ષકાર બુબડીયા લાલજીભાઇ પીઠાભાઇ ની સોગંદ પરની સરતપાસ | ૧૧ |

આ કામે બીજા પક્ષકારે નીચે મુજબના દસ્તાવેજો આંક-૦૯ ના લીસ્ટથી રજુ કરેલ છે.

**-: દસ્તાવેજી પુરાવા :-**

| ક્રમ | વિગત | આંક |
|---|---|---|
| | **આંક-૦૯ ના લીસ્ટથી રજુ કરેલા દસ્તાવેજો** | |
| ૧ | પ્રથમ પક્ષકારને યુનિયન મારફતે નોટિસ આપેલ તેની નકલ, તારીખ ૨૨/૧૨/૨૦૦૪ | ૯/૧ |

| | | |
|---|---|---|
| ૨ | તારીખ ૨૨/૧૨/૨૦૦૪ ના રોજની નોટિસ રજી.એ.ડી. થી મોકલેલ તેની પાવતી | ૯/૨ |
| ૩ | તારીખ ૨૨/૧૨/૨૦૦૪ ની નોટિસ યુ.પી.સી. કરેલ તેની રસીદ | ૯/૩ |
| ૪ | બીજા પક્ષકાર તથા અન્ય રોજમદારોને નોકરીમાં જવા છતા હાજર કરેલ નહી તેથી તારીખ ૩૧/૩/૨૦૦૫ નારોજ યુનિયન મારફતે પ્રથમ પક્ષકારને આપેલ નોટિસ | ૯/૪ |
| ૫ | તારીખ ૦૧/૦૪/૨૦૦૫ ની નોટિસ યુ.પી.સી. કરેલ તેની પાવતી | ૯/૫ |
| ૬ | તારીખ ૦૧/૦૪/૨૦૦૫ ની નોટિસ રજી.એ.ડી. કરેલ તેની પાવતી | ૯/૬ |
| ૭ | તારીખ ૧૩/૦૪/૨૦૦૫ નારોજ યુનિયન મારફતે પ્રથમ પક્ષકારને આપેલ નોટિસ | ૯/૭ |
| ૮ | તારીખ ૧૩/૦૪/૨૦૦૫ ની નોટિસ યુ.પી.સી. કરેલ પાવતી | ૯/૮ |
| ૯ | તારીખ ૧૪/૦૫/૨૦૦૫ નારોજ યુનિયન મારફતે મુખ્યમંત્રીશ્રીને આપેલ આવેદન પત્ર | ૯/૯ |
| ૧૦ | તારીખ ૧૪/૦૫/૨૦૦૫ ની નોટીસ યુ.પી.સી.થી મોકલેલ તેની પાવતી | ૯/૧૦ |

ત્યારબાદ બીજા પક્ષકારે આંક–૩૦ થી વધુ કોઈ પુરાવો આપવા માંગતા નથી તે બાબતની પુરસીસ આપી પુરાવો બંધ કરવાનુ જાહેર કરેલ છે.

**<u>પ્રથમ પક્ષકારનો પુરાવો:–</u>**

(૫) આ કામે પ્રથમ પક્ષકારે નીચે મુજબનો મૌખિક પુરાવો રજુ કરેલ છે.

**<u>–: મૌખિક પુરાવા :–</u>**

| ક્રમ | વિગત | આંક |
|---|---|---|
| ૧ | પ્રથમ પક્ષકાર નરેશકુમાર અંબાલાલ ચૌધરી ની સોગંદ પરની સરતપાસ | ૩૪ |

આ કામે પ્રથમ પક્ષકાર તરફે આંક–૧૯ અને આંક–૩૭ ના લીસ્ટથી નીચે મુજબનો દસ્તાવેજી પુરાવો રજુ કરવામાં આવેલા છે.

**–: દસ્તાવેજી પુરાવા :–**

| ક્રમ | વિગત | આંક |
|---|---|---|
| | **આંક–૧૯ ના લીસ્ટથી રજુ કરેલા દસ્તાવેજો** | |
| ૧ | રોજમદારની વિગત દર્શાવતુ પત્રક | ૧૯ |
| | **આંક–૩૭ ના લીસ્ટથી રજુ કરેલા દસ્તાવેજો** | |
| ૧ | કામદારોને લક્ષ્યાંક ઘટવાના લીધે કામગીરીમાં ફેરફાર કરવા બાબત | ૩૭/૧ |
| ૨ | મદદનીશ શ્રમ આયુકતશ્રી, હિંમતનગર ને આર.એફ.ઓ.શ્રી ને જાણ કરતો પત્ર | ૩૭/૨ |

ત્યારબાદ પ્રથમ પક્ષકાર દ્વારા આંક–૩૮ થી વધુ કોઈ પુરાવો આપવાના રહેતા ન હોય તે બાબતની પુરસીસ આપી પુરાવો બંધ કરવાનુ જાહેર કરેલ છે.

**(૬)** હાલના કામે રજુ થયેલ સમગ્ર કેસનુ રેકર્ડ, દસ્તાવેજી પુરાવો ધ્યાને લેતા કેસનાં નિર્ણય માટે નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

**–: મુદ્દાઓ :–**

**(૧)** શું બીજા પક્ષકાર પુરવાર કરે છે કે, પ્રથમ પક્ષકાર અને બીજા પક્ષકાર વચ્ચે કામદાર અને માલિક નો સબંધ હતો?

**(૨)** શું બીજા પક્ષકાર પુરવાર કરે છે કે, તેમણે પ્રથમ પક્ષકારની સંસ્થાં કાયદાની કલમ–૨૫(બી) મુજબ સળંગ નોકરી કરેલી છે?

**(૩)** શું બીજા પક્ષકાર પુરવાર કરે છે કે, તેઓને પ્રથમ પક્ષકાર દ્વારા ગેરકાયદેસર રીતે છુટા કરવામાં આવ્યા છે?

**(૪)** શું બીજા પક્ષકાર માંગણા નિવેદનમાં માગ્યા મુજબ નોકરીમાં પુન:સ્થાપિત થવા તથા પડેલા દિવસોનો પગાર મેળવવા અથવા યોગ્ય વળતર મેળવવા હક્કદાર છે?

**(૫)** શું હુકમ ?

(૭) ઉપરોક્ત મુદ્દાઓનાં મારા નિર્ણયો હવે પછી જણાવેલ કારણો અનુસાર નીચે મુજબ છે.

**(૧) હકારમાં**

**(૨) હકારમાં**

**(૩) હકારમાં**

**(૪) અંશત: હકારમાં**

**(૫) આખરી હુકમ મુજબ**

**-:: કારણો ::-**

**મુદ્દા નંબર ૧ લગત બીજા પક્ષકારનો પુરાવો:-**

(૮) મુદ્દા નંબર ૧ પુરવાર કરવા બીજા પક્ષકારે આંક-૧૧ થી સોગંદ ઉપર જુબાની આપેલ છે. જેમા તેઓએ આંક-૦૫ થી રજુ કરેલ માંગણા નિવેદન મુજબની તમામ હકીકતો જણાવેલ છે. જેમા તેઓએ જણાવ્યા મુજબ બીજા પક્ષકાર પ્રથમ પક્ષકારમાં ૧૪ વર્ષથી રોજમદાર ચોકીદાર તરીકે એક જ જગ્યા ઉપર સતત અને સળંગ ફરજ બજાવતા આવેલા છે. જેમા તેઓને માસિક રૂપિયા ૧,૮૦૦/- પગાર મળતો હતો. ત્યારબાદ પ્રથમ પક્ષકારના વિદ્વાન વકીલશ્રી દ્વારા બીજા પક્ષકારની ઉલટતપાસ કરવામાં આવેલી છે. જેમા તેઓ કબુલ રાખેલ છે કે, પ્રથમ પક્ષકાર સંસ્થાએ રોજમદાર ચોકીદાર તરીકે નિમણુક પત્ર આપેલુ હોય તેવો કોઇ ઓર્ડર કે નિમણુક પત્ર આ કામે રજુ કરેલ નથી. તેઓએ ૧૪ વર્ષ રોજમદાર તરીકે અલગ અલગ સ્થળે કામ કરેલ છે.

ત્યારબાદ આ કામે બીજા પક્ષકાર તરફે કોઈ મૌખિક પુરાવો રજુ કરવામાં આવેલ નથી અને આંક-૩૦ થી પુરાવો બંધ કરવાનુ બીજા પક્ષકાર દ્વારા પુરસીસ આપવામાં આવેલ છે.

**મુદ્દા નંબર ૧ લગત પ્રથમ પક્ષકારનો પુરાવો:-**

આ કામે પ્રથમ પક્ષકાર વનઅધિકારીશ્રી નરેશકુમાર અંબાલાલ ચૌધરી દ્વારા આંક-૩૪ થી પોતાની સોગંદ ઉપર જુબાની રજુ કરેલ છે. જેમા તેઓ જણાવે છે કે, બીજા પક્ષકાર પ્રથમ પક્ષકાર સંસ્થામાં છેલ્લા ૧૪ વર્ષથી રોજમદાર ચોકીદાર તરીકે ફરજ બજાવવાની હકીકત તથા માસિક રૂપિયા

૧,૮૦૦/– ચુકવવાની હકીકત બીજા પક્ષકારે ખોટી જણાવેલી છે. જ્યારે બીજા પક્ષકારના વિદ્વાન વકીલશ્રી દ્વારા પ્રથમ પક્ષકારની કરવામાં આવેલ ઉલટતપાસ દરમિયાન તેઓએ કબુલ રાખેલ છે કે, બીજા પક્ષકાર સ્વેચ્છિક રીતે કામ પર આવેલ ન હોય તેમને હાજર થવા માટે સંસ્થા તરફથી પત્ર લખવામાં આવેલ છે.

**<u>બીજા પક્ષકારની મુદ્દા નંબર ૧ લગત દલીલો:–</u>**

(૯) બીજા પક્ષકાર તરફે તેમના વિ.પ્રતિ. શ્રી ડી.સી.સિંહાલીનાઓ આંક–૪૩ થી પોતાની લેખિત દલીલો રજુ કરેલ છે. જેમા તેઓ જણાવે છે કે, બીજા પક્ષકાર પ્રથમ પક્ષકારની સંસ્થામાં ચોકીદાર તરીકે ઘણા વર્ષોથી પોતાની ફરજ બજાવતા હતા. તે બાબતનો મૌખિક તેમજ પ્રથમ પક્ષકારે આંક–૩૭ ના લીસ્ટથી તથા આંક–૧૯ ના સોગંદનામા સાથે બીજા પક્ષકારની વિગત દર્શાવતુ પત્રક રજુ કરેલ છે. આમ, રેકર્ડ પરથી સ્પષ્ટપણે જણાઇ આવે છે કે, બીજા પક્ષકાર અને પ્રથમ પક્ષકાર વચ્ચે કામદાર અને માલિકનો સબંધ હતો.

**<u>પ્રથમ પક્ષકારની મુદ્દા નંબર ૧ લગત દલીલો:–</u>**

(૧૦) પ્રથમ પક્ષકાર જાતે હાજર થઇ આંક–૪૪ થી પુરસીસ આપી જાહેર કરેલ છે કે, તેઓએ રજુ કરેલ લેખિત પુરાવાને દલીલમાં ગ્રાહ્ય રાખવા જાહેર કરેલ છે. તેમજ પ્રથમ પક્ષકારના વિદ્વાન વકીલશ્રી એચ.બી.ત્રિવેદીનાઓ પોતાની મૌખિક દલીલોમાં જણાવે છે કે, બીજા પક્ષકારે ૧૪ વર્ષ રોજમદાર ચોકીદાર તરીકે પોતાની ફરજ બજાવેલ નથી. જેથી પ્રથમ પક્ષકારનો બીજા પક્ષકાર સાથે માલિક કામદારનો સબંધ નથી.

**<u>મુદ્દા નંબર ૧ લગત પુરાવાનુ મુલ્યાંકન:–</u>**

(૧૧) આ કામે પુરાવાના મુલ્યાંકન કરતા અગાઉ રેફરન્સના પક્ષકારો વચ્ચે માલિક અને કામદારનો સબંધ છે કે કેમ? તે ધ્યાને લેવો ખુબ જરૂરી છે. આ તબક્કે ઔદ્યોગિક વિવાદ ધારા ૧૯૪૭ ની કલમ – ૨(એસ) અન્વયે કરવામાં આવેલ કામદારની વ્યાખ્યા ધ્યાને લેવી આવશ્યક છે.

**<u>ઔદ્યોગિક વિવાદ ધારાની કલમ–૨ (એસ)</u>**

કામદાર એટલે ભાડેથી અથવા બદલી આપીને કોઇ પણ શારીરીક, બિન કસબી, કસબી, ટેકનિકલ, શસ્ત્રક્રિયા, કારકુની અથવા

સુપરવાઇઝરી કામ કરવા માટે કોઇ ઉદ્યોગમા કામે રાખેલી, (એપરેન્ટિસ સહિતની) કોઇ પણ વ્યક્તિ પછી તેની રોજગારની શરતો લેખિત હોય કે ગર્ભિત હોય અને કોઇ ઔદ્યોગિક તકરારના સબંધમાં આ અધિનિયમ હેઠળની કોઇ કાર્યવાહીના હેતુઓ માટે તેમા સદરહુ તકરાર અંગે અથવા તેને પરીણામે બરતરફ કરેલી, છુટી કરેલી અથવા છટણી કરેલી વ્યક્તિઓનો અથવા જેની બરતરફી, રુખસદ અથવા છટણીથી સદરહુ તકરાર ઉપસ્થિત થયેલ હોય તે વ્યક્તિઓનો સમાવેશ થાય છે, પણ તેમાં નીચેની વ્યક્તિઓનો સમાવેશ થતો નથી.

૧. એરફોર્સ એકટ ૧૯૫૦ (સને ૧૯૫૦ ના ૪૫ માં) અથવા આર્મી એક્ટ ૧૯૫૦ (સને ૧૯૫૦ ના ૪૬ માં) અથવા નેવી એક્ટ (સને ૧૯૫૭ ના દરમાં) ને આધિન હોય તે વ્યક્તિ અથવા

૨. પોલીસ સેવામાં અથવા કોઇ જેલના અધિકારી અથવા બીજા કર્મચારી તરીકે નોકરી કરતી વ્યક્તિ અથવા

૩. મુખ્યત્વે વ્યવસ્થાપકીય અથવા વહિવટી હેસીયતમાં કામે રાખેલી વ્યક્તિ અથવા

૪. જેને સુપરવાઇઝરી હેસીયતમાં કામે રાખેલી હોય અને દરમહિને ૧૬૦૦ રૂપિયા થી વધુ વેતન મેળવતી હોય અથવા તેના હોદ્દા સાથે જોડાયેલી ફરજો એવા પ્રકારની હોવાના કારણે અથવા તેમા નિહિત થયેલી સત્તાને કારણે જે મુખ્યત્વે વ્યવસ્થાપકના કાર્યો બજાવતી હોય તેવી વ્યક્તિ

**(૧૨)** ઉપરોક્ત પક્ષકારોનો પુરાવો તથા ઔદ્યોગિક વિવાદ ધારાની કલમ – ૨(એસ) ધ્યાને લીધી. બીજા પક્ષકારના પુરાવા ધ્યાને લેતા તેમા જણાવ્યા મુજબ તેઓ પ્રથમ પક્ષકારની સંસ્થામાં ચોકીદાર તરીકે ફરજ બજાવતા હતા. જ્યારે પ્રથમ પક્ષકાર દ્વારા આંક–૧૯ ના દસ્તાવેજ રજુ કરવા અંગેના સોગંદનામામાં જણાવ્યા મુજબ બીજા પક્ષકારે તારીખ ૦૧/૦૮/૧૯૯૧ થી નવેમ્બર–૨૦૦૪ સુધીનુ બીજા પક્ષકારનુ રોજમદારની વિગત દર્શાવતુ પત્રક રજુ કરેલ છે. જેમા બીજા પક્ષકારે કયા સ્થળે કામગીરી કરેલ છે તેનુ સ્થળ અને સમયગાળો અને દિવસોની સંખ્યા જણાવેલી છે. તેમજ

બીજા પક્ષકારે આંક-૧૧ થી રજુ કરેલ સોગંદ પરની જુબાની ઉપર પણ ચોકીદાર તરીકે ફરજ બજાવતા હોવાનુ જણાવેલ છે. તે હકીકત પ્રથમ પક્ષકારે બીજા પક્ષકારની ઉલટતપાસ કરીને પડકારેલ નથી. તેમજ બીજા પક્ષકાર પ્રથમ પક્ષકારના કામદાર ન હોવા બાબતે પ્રથમ પક્ષકારે કોઇ પુરાવો રજુ કર્યો નથી. ઔદ્યોગિક વિવાદ ધારાની કલમ-૨(એસ) મુજબ કામદાર એટલે ભાડેથી અથવા બદલી આપીને કોઇ પણ શારીરીક, બિન કસબી, કસબી, ટેકનિકલ, શસ્ત્રક્રિયા, કારકુની અથવા સુપરવાઇઝરી કામ કરવા માટે કોઇ ઉદ્યોગમા કામે રાખેલી, (એપરેન્ટિસ સહિતની) કોઇ પણ વ્યક્તિ પછી તેની રોજગારની શરતો લેખિત હોય કે ગર્ભિત હોય. જ્યારે પ્રથમ પક્ષકારે આંક-૩૭ ના લીસ્ટથી રજુ કરેલ દસ્તાવેજમાં પ્રથમ પક્ષકાર કામદાર હોવાનુ સ્પષ્ટપણે જણાઇ આવે છે ત્યારે તેમનો ઔદ્યોગિક વિવાદ ધારાની કલમ- ૨(એસ) મુજબ કામદારની વ્યાખ્યામાં સમાવેશ થાય છે.

**(૧૩)** હવે એ જોવાનુ રહે છે કે, પ્રથમ પક્ષકારની સંસ્થાનો ઉદ્યોગની વ્યાખ્યામાં સમાવેશ થાય છે કે કેમ? નામદાર સુપ્રીમ કોર્ટ દ્વારા બેંગલોર વોટર સપ્લાયના ચુકાદામાં પ્રસ્થાપિત કરેલ સિદ્ધાંત મુજબ જ્યારે કોઇ પણ સંસ્થા કામદારના સહકારથી કોઇ પણ સિસ્ટમેટિક પ્રવૃત્તિ કે જે આધ્યાત્મિક કે ધાર્મિક પ્રકારની પ્રવૃતિ ના હોય તો તેવી તમામ પ્રવૃત્તિનું ઉદ્યોગનું વ્યાખ્યામાં સમાવેશ થઇ શકશે તેવો સિદ્ધાંત પ્રસ્થાપિત કરેલ છે. ઉપરોક્ત ચુકાદો ધ્યાને લેતા હાલની પ્રથમ પક્ષકારની સંસ્થા આ કામે રજુ કરેલા આંક-૩૭ દસ્તાવેજી પુરાવા અને આંક-૧૯ ના સોગંદનામા સાથે રજુ કરેલા દસ્તાવેજો ધ્યાને લેતા પ્રથમ પક્ષકાર સંસ્થા કામદાર ના સહકારથી પ્રવૃત્તિ કરે છે. તેમજ પ્રથમ પક્ષકારની સંસ્થા કોઇ આધ્યાત્મિક કે ધાર્મિક પ્રકારની પ્રવ્રુત્તિ કરતી નથી ત્યારે પ્રથમ પક્ષકારની સંસ્થાનો ઉદ્યોગોની વ્યાખ્યામાં થાય છે તેવુ માની શકાય.

ઉપરોક્ત તમામ હકીકતો ધ્યાને લેતા, બીજા પક્ષકાર પ્રથમ પક્ષકારમાં કામદાર હતા અને તેઓ વચ્ચે કામદાર માલિકનો સબંધ હતો તેવુ જણાઇ આવતુ હોય **મુદ્દા નંબર ૧ નો જવાબ હકારમાં** આપવામાં આવે છે.

**<u>મુદ્દા નંબર ૨ :-</u>**

**<u>મુદ્દા નંબર ૨ લગત પક્ષકારોનો પુરાવો:-</u>**

**(૧૪)** બીજા પક્ષકાર પોતાનો કેસ પુરવાર કરવા આંક-૧૧ થી સોગંદ ઉપર જુબાની આપેલ છે. જેમા તેઓ મુખ્યત્વે જણાવે છે કે, પ્રથમ પક્ષકારે બીજા પક્ષકારને ગેરકાયદેસર રીતે કિન્નાખોરી અને દ્વેષભાવ રાખીને નોકરીમાંથી છુટા કરી દીધેલ છે. બીજા પક્ષકારને કાયમી ના કરવા પડે તેથી નોકરીમાંથી છુટા કરેલ છે. બીજા પક્ષકારની જગ્યાએ અન્ય વ્યક્તિને નોકરીમાં રાખીને કામ લેવામાં આવે છે. બીજા પક્ષકારે પ્રથમ પક્ષકારમાં ૧૪ વર્ષથી રોજમદાર ચોકીદાર તરીકે એક જ જગ્યાએ સતત અને સળંગ ફરજ બજાવતા આવેલા છે. જ્યારે પ્રથમ પક્ષકાર તરફે બીજા પક્ષકારની ઉપરોક્ત હકીકતો બાબતે કરવામાં આવેલ ઉલટતપાસ દરમિયાન તેઓએ હકીકત કબુલ રાખેલ છે કે, **"તેઓએ ૧૪ વર્ષ રોજમદાર તરીકે અલગ અલગ સ્થળે કામ કરેલ છે. રેન્જ ઓફિસમાંથી જે પ્રમાણે હુકમ આવે તે મુજબ અલગ અલગ સ્થળે કામ પર જતા હતા. પ્રથમ પક્ષકાર સંસ્થાએ નોકરીમાં દાખલ થયા ત્યાર થી સળંગ દર મહિને માસિક પગાર રૂપિયા ૧,૮૦૦/- ફીક્સ ચુકવતા હતા."** જ્યારે બીજા પક્ષકાર પોતાની ઉપરોક્ત જણાવેલ સોગંદ પરની જુબાનીમાં જણાવેલ હકીકતોને વળગી રહેલા છે. ત્યારબાદ બીજા પક્ષકાર દ્વારા કોઈ મૌખિક પુરાવાના સાક્ષી તપાસવામાં આવેલા નથી.

ત્યારબાદ પ્રથમ પક્ષકાર દ્વારા આંક-૩૪ થી વન અધિકારીશ્રી નરેશકુમાર અંબાલાલ ચૌધરી નાઓએ પોતાની સોગંદ પર જુબાની રજુ કરેલ છે. તેમા તેઓ જણાવે છે કે, બીજા પક્ષકારને કોઈ કાયમી નિમણુક આપેલ હોય કે કાયમી સરકારી પત્ર આપેલ હોય તેવુ બનેલ નથી. તેઓ અત્રેની વિસ્તરણ રેન્જ ખેડબ્રહ્માની કચેરીમાં રોપા સંરક્ષણની દૈનિક કામગીરી કરતા હતા અને સ્વૈચ્છિક રીતે જ કામગીરી પર આવેલ નથી અને પોતાની જાતે જ કામગીરીનો ત્યાગ કરેલ છે. જ્યારે બીજા પક્ષકાર દ્વારા તેઓની કરવામાં આવેલ ઉલટતપાસ દરમિયાન તેઓએ સ્વીકારેલ છે કે, બીજા પક્ષકાર કામદાર સ્વેચ્છિક રીતે કામ પર આવેલ ન હોય તેમને હાજર થવા માટે પત્ર લખવામાં આવેલ છે. આવો કોઈ પત્ર આ કામે

રજુ કરેલ નથી. ત્યારબાદ પ્રથમ પક્ષકાર દ્વારા કોઇ સાહેદ તપાસવામાં આવેલ નથી અને આંક–૩૮ થી ક્લોઝીંગ પુરસીસ રજુ કરેલ છે.

**<u>બીજા પક્ષકારની દલીલો:–</u>**

**(૧૫)** બીજા પક્ષકાર તરફે તેમના વિ.પ્રતિ.શ્રી ડી.સી.સિંહાલી નાઓ આંક–૪૩ થી પોતાની લેખિત દલીલો રજુ કરેલ છે. જેમા તેઓ જણાવે છે કે, બીજા પક્ષકાર પ્રથમ પક્ષકારની સંસ્થામાં ચોકીદાર તરીકે ઘણા વર્ષોથી પોતાની ફરજ બજાવતા હતા. પ્રથમ પક્ષકારે બીજા પક્ષકાર પર દ્વેષભાવ અને કિન્નખોરી રાખીને તારીખ ૧૮/૧૧/૨૦૦૪ નારોજ મૌખિક હુકમ થી ગેરવ્યાજબી, ગેરકાયદેસર અને કુદરતી ન્યાયના સિદ્ધાંતો વિરૂધ્ધ નોકરીમાંથી છુટા કરેલ છે. બીજા પક્ષકારે પોતાના સમગ્ર પુરાવા દરમિયાન માંગણા નિવેદનની તમામ હકીકતો પુરવાર કરેલ છે. તેથી બીજા પક્ષકારને માંગણા નિવેદનમાં માંગવામાં આવેલ દાદ મંજૂર કરવા દલીલો કરેલ છે.

**<u>પ્રથમ પક્ષકારની દલીલો:–</u>**

**(૧૬)** પ્રથમ પક્ષકાર જાતે હાજર થઇ આંક–૪૪ થી પુરસીસ આપી જાહેર કરેલ છે કે, તેઓએ રજુ કરેલ લેખિત પુરાવાને દલીલમાં ગ્રાહ્ય રાખવા જાહેર કરેલ છે. તેમજ પ્રથમ પક્ષકારના વિદ્વાન વકીલશ્રી એચ.બી.ત્રિવેદીનાએ પોતાની મૌખિક દલીલોમાં જણાવે છે કે, બીજા પક્ષકારે ખોટી કિન્નાખોરી રાખી તેમજ દ્વેષભાવ રાખી પ્રથમ પક્ષકાર દ્વારા છુટા કરવામાં આવેલ નથી. સંસ્થામાં બીજા પક્ષકાર માટે ચોકીદારની આવી કોઇ કાયમી જગ્યા આવેલ નથી. બીજા પક્ષકારે સંસ્થામાં સળંગ નોકરી કરેલ નથી.

**<u>મુદ્દા નંબર ૨ લગત પુરાવાનું મુલ્યાંકન:–</u>**

**(૧૭)** આ કામે બીજા પક્ષકારો દ્વારા માંગણા નિવેદન તથા પુરાવાના સોગંદનામામાં જણાવ્યા મુજબ તેઓ પ્રથમ પક્ષકારને ત્યા ચોકીદાર તરીકે ફરજ બજાવતા હોવાની હકીકતો જણાવેલ છે. તેમજ પ્રથમ પક્ષકારે તારીખ ૧૮/૧૧/૨૦૦૪ નારોજ બીજા પક્ષકારને કોઈ પણ કારણ જાણાવ્યા સિવાય છુટા કરી દીધેલ હોવાનુ જણાવેલ છે. બીજા પક્ષકાર દ્વારા પ્રથમ પક્ષકારની સંસ્થામાં સળંગ કામગીરી કરેલ છે. તેવા સંજોગોમાં બીજા પક્ષકાર સંસ્થામાં

ઔદ્યોગિક વિવાદ ધારાની કલમ ૨૫ (બી) મુજબના કાયમી કામદાર હતા કે કેમ? તે નક્કી કરવાનુ રહે. આ તકરારી મુદ્દાના નિર્ણય અર્થે પ્રથમ તો ઇન્ડસ્ટ્રીયલ ડીસ્પ્યુટ એકટની કલમ ૨૫ (બી) મુજબ સળંગ નોકરી કોને ગણાય તે જાણવુ જરૂરી છે. જે નીચે મુજબ છે.

**કલમ–૨૫(બી):– <u>સળંગ નોકરીની વ્યાખ્યા</u>**

આ પ્રકરણના હેતુઓ માટે,

(૧) કોઇ કામદાર, બિમારી અથવા અધિકુત રજા અથવા અકસ્માત અથવા ગેરકાયદેસર ન હોય એવી હડતાલ અથવા તેની કોઇ ક્સુરના લીધે ન હોય એવી તાળાબંધી અથવા કામબંધીને કારણે ખંડીત થાય એવી નોકરી સહિતની અખંડ નોકરીમાં હોય તો તે એટલી મુદત સુધી સળંગ નોકરીમાં છે એમ કહેવાય.

(૨) એક વર્ષ અથવા છ મહિના સુધી ખંડ (૧) ના અર્થમાં સળંગ નોકરીમાં ન હોય, ત્યારે તેવા કામદારે

(ક) જો તેણે જે તારીખના સંદર્ભમાં ગણતરી કરવાની હોય તે તારીખ પહેલાના બાર અંગ્રેજી મહિનાની મુદ્દત દરમિયાન–

(૧) કોઇ ભુગર્ભમાં કામો રાખેલા કામદારના દાખલામાં એકસો નેવુ દિવસ અને

(૨) બીજા કોઇ દાખલામાં, બસો ચાલીસ દિવાથી ઓછા નહિ તેટલા દિવસ સુધી કોઇ માલીક હેઠળ ખરેખર કામ કર્યુ હોય તો, એક વર્ષની મુદ્દત સુધી

(ખ) જો તેણે જે તારીખના સંદર્ભમાં ગણતરી કરવાની હોય તે તારીખ પેહલાના છ અંગ્રેજી મહિનાની મુદત દરમ્યાન–

(૧) કોઇ ભુગર્ભ ખાણમાં કામે રાખેલા કામદારના દાખલામાં, પંચાણુ દિવસ અને

(૨) બીજા કોઇ દાખલામાં, એકસો વીસથી ઓછા નહી તેટલા દિવસ સુધી, કોઇ માલિક હેઠળ

ખરેખર કામ કર્યુ હોય તો, તે છ મહીનાની મુદત સુધી, સળંગ નોકરીમાં છે એમ ગણાશે.

(૧૮) ઈન્ડસ્ટ્રીયલ ડીસ્પ્યુટ એકટની કલમ–૨૫ (બી) માં આપવામાં આવેલ સળંગ નોકરીની વ્યાખ્યા વંચાણે લેતા કોઈ કામદાર, બીમારી અથવા અધિકુત રજા અથવા અકસ્માત અથવા ગેરકાયદેસરના હોય એવી હડતાલ અથવા તેની કોઈ કસુર ના લીધે ના હોય તેવી તાળાબંધી અથવા કામબંધીના કારણે ખંડિત થાય તેવી નોકરી સહિતની અખંડ નોકરીમાં હોય તો તેટલી મુદત સુધી સળંગ નોકરીમાં હોય તેમ કહેવાય. વધુમાં કલમ–૨૫(બી)(૨) મુજબ જ્યારે કામદાર એક વર્ષની સળંગ નોકરીમાં ના હોય ત્યારે તેમને છુટા કર્યાના અગાઉના સમયગાળા દરમ્યાનના નોકરીના ૨૪૦ દિવસો ધ્યાને લેવા આવશ્યક છે. કલમ–૨૫(બી) માં જણાવેલ સળંગ નોકરીની વ્યાખ્યા તે કામદારની કામગીરીનો સમગ્ર સમય સુચવે છે. જો કામદારની કામગીરી દરમિયાન કેટલો ક સમય માલિક તે કામદારને કામ આપી ના શકે અને આ પ્રકારની કામની મોકુફીમાં કામદારનો કોઈ કસુર ના હોય તો તેવા સંજોગોમાં કામદારની કામગીરીમાં કોઈ ભંગ ગણી શકાય નહિ અને આવા કામદારની કામગીરી સળંગ ચાલુ હોવાનુ માની શકાય, આ બાબતે નામદાર ગુજરાત હાઈકોર્ટ દ્વારા PRINCIPAL, S.V. DOSHI GIRLS HIGH VS LILABEN SOMABHAI GADASA ના ચુકાદામાં પેરા નંબર ૧૦ માં જણાવેલ છે કે,

"On principles and on precedent,it must be held that Section 25B(2) provides a situation where the workman is not in employment for a period of 12 calender months but has rendered service for a period of 240 days within the period of 12 calender months and commencing and counting the back ward from the date of retrenchment, if he has, he would be deemed to be in service for the purpose of Section 25B and Chapter V-A and once it is found that the workman is in continuous service under Section 25B(1) of the Act and the workman is satisfying the conditions and contingency mentioned in the said Sub-section (1), then, it is wholly immaterial whether he has worked for a particular number of days in a

particular year.Contingency which demands the worker to work for a period of 240 days as provided by Sub-section (2) of Section 25B would come into play provided the workman is not in continuous service as required under Section 25B(1) of the ID Act ".

આ કાયદાકીય પરિસ્થિતિ ધ્યાને રાખી રજુ થયેલ પુરાવો જોતા આ હકીકત બાબતે બીજા પક્ષકાર દ્વારા તેઓની સરતપાસની જુબાનીમાં તેઓ દ્વારા સંસ્થામાં સળંગ નોકરીમાં હોવાનુ જણાવેલ છે. બીજા પક્ષકારની સોગંદ પર જણાવેલ હકીકતને પ્રથમ પક્ષકાર દ્વારા ઉલટતપાસ કરી પડકારવામાં આવેલ છે. પરંતુ બીજા પક્ષકારે સળંગ નોકરી કરેલ નથી તે બાબતનો કોઇ પુરાવો પ્રથમ પક્ષકાર દ્વારા રજુ કરવામાં આવેલ નથી. વધુમાં આ કામે આંક-૧૭ થી નામદાર પ્રમુખશ્રીએ પ્રથમ પક્ષકારને કામદારની હાજરી તેમજ પગાર અંગેના અસલ દસ્તાવેજો રજુ કરવાનો હુકમ કરેલ. જે હુકમના અનુસંધાને પ્રથમ પક્ષકારે ફક્ત બીજા પક્ષકારની વિગત દર્શાવતુ પત્રક રજુ કરેલ છે. જે પત્રક ધ્યાને લેતા બીજા પક્ષકાર ૦૧/૦૮/૧૯૯૧ થી નવેમ્બર-૨૦૦૪ સુધી કામગીરી કરેલ હોવાનુ જણાઇ આવે છે. તે પત્રકની માહિતી જોતા પણ બીજા પક્ષકાર દ્વારા એક વર્ષ કરતા વધારે સમય દરમિયાન પ્રથમ પક્ષકારની સંસ્થામાં કામગીરી કરેલ હોવાનુ રેકર્ડ પર આવેલ છે.

**(૧૯)** વધુમાં આંક-૧૭ થી નામદાર કોર્ટે કરેલ હુકમ મુજબ પ્રથમ પક્ષકાર દ્વારા અન્ય કોઇ દસ્તાવેજો જેવા કે પગાર ચુકવવાનુ વાઉચર, કામગીરી કર્યાના દિવસોનુ હાજરીપત્રક રજુ કરવામાં આવેલા નથી અને આંક-૧૯ થી પ્રથમ પક્ષકાર દ્વારા સોગંદનામુ કરીને હાજરી પત્રક, પગાર પત્રક તથા પગાર સ્લીપ તેમની કસ્ટડીમાં નથી તેથી રજુ કરી શકાય તેમ નથી તેમ જણાવવામાં આવેલ છે. પરંતુ, પ્રથમ પક્ષકાર પોતાની વડી કચેરીએથી સદર દસ્તાવેજો મંગાવીને રજુ કરી શક્યા હોત. પરંતુ તેઓએ રજુ કરેલ નથી.

આમ ઉપરોક્ત ચુકાદો તથા આ કામે રજુ થયેલ મૌખિક તથા દસ્તાવેજી પુરાવા ધ્યાને લેતા, બીજા પક્ષકાર દ્વારા ૨૪૦ દિવસની કામગીરી કરેલ હોવા બાબત તેઓની નોકરી ૧ વર્ષ કરતા ઓછી હોય તેવા સંજોગોમાં

ધ્યાને લેવાની છે. જો કામદાર દ્વારા સંસ્થામાં એક વર્ષની કામગીરી કરવામાં આવેલ હોય તો સળંગ નોકરીનુ સ્ટેટસ મેળવે છે. તેવા સંજોગોમાં બીજા પક્ષકાર દ્વારા એક વર્ષથી વધારે કામગીરી કરેલ હોય તેઓ સળંગ નોકરીમાં હોય તેમ માની શકાય છે. આ તમામ હકીકત ધ્યાને લેતા બીજા પક્ષકારે પ્રથમ પક્ષકાર સંસ્થામાં ઔદ્યોગિક વિવાદ ધારાની કલમ–૨૫ (બી)(૧) મુજબ સળંગ નોકરી કરવાનુ પુરવાર થતુ હોય તે સંજોગોમાં બીજા પક્ષકાર તેમને પ્રથમ પક્ષકાર સંસ્થામાં કાયદાની કલમ–૨૫(બી) મુજબ સળંગ નોકરી કરેલી હોવાનુ પુરવાર કરવામાં સફળ રહેલ હોય **મુદ્દા નંબર ૨ નો જવાબ હકારમાં** આપવામાં આવે છે.

**મુદ્દા નંબર ૩:–**

**મુદ્દા નંબર ૩ લગત પક્ષકારોનો પુરાવો:–**

**(૨૦)** આ કેસની હકીકતો તથા રેકર્ડ પરનો પુરાવો ધ્યાને લેતા, બીજા પક્ષકાર દ્વારા તેમના આંક–૦૫ ના માંગણા નિવેદન તથા આંક–૧૧ ની સોગંદ પરની જુબાનીમાં જણાવ્યા મુજબ "**બીજા પક્ષકાર તથા અન્ય રોજમદાર ઓલ ગુજરાત જાહેર બાંધકામ મજુર મંડળમાં સભ્ય બનતા તથા અન્ય રોજમદારો અવારનવાર કાયમી કરવા માટે તથા પગાર રેગ્યુલર આપવા માટે અવારનવાર મંડળ તરફથી રજુઆતો કરતા આવેલા અને તારીખ ૨૫/૧૦/૨૦૦૪ નારોજ પરીક્ષેત્ર વન નિરીક્ષણ આર.કે.પટેલ ના હસ્તક કામ કરતા બીજા પક્ષકારને અને અન્ય રોજમદારો એ કલેકટર સમક્ષ ધરણાનો કાર્યક્રમ કરી કાયમી કરવા અંગેની માંગણી બાબતે આવેદન પત્ર કલેકટરશ્રીને આપેલ. જેથી બીજા પક્ષકાર ઉપર કિન્નખોરી તથા દ્વેષભાવ રાખીને પ્રથમ પક્ષકારે તારીખ ૧૮/૧૧/૨૦૦૪ નારોજ થી બીજા પક્ષકારની સતત જુની નોકરીને ધ્યાનમાં લીધા વગર ગેરકાયદેસર રીતે કામમાં ફેરબદલી કરવાનો પત્ર વનપરીક્ષેત્ર અધિકારી આર.કે.પટેલને આપીને નોકરીમાંથી છુટા કરી દીધેલ.**" સદર સરતપાસ લગત પ્રથમ પક્ષકારના વિદ્વાન વકીલશ્રીએ બીજા પક્ષકારની કરવામાં આવેલ ઉલટતપાસ દરમિયાન તેઓ એ હકીકતનો એકરાર કરે છે કે, માંગણા નિવેદનમાં ફોરેસ્ટ અધિકારીઓ સામે આક્ષેપો બાબતે પોલીસ સ્ટેશનમાં કે ઉપરી અધિકારીને ફરીયાદ કરેલ નથી. જ્યારે ઉપરોક્ત સોગંદ પરની જુબાનીમાં જણાવેલ હકીકતોને બીજા પક્ષકાર

વળગી રહેલા છે. ત્યારબાદ બીજા પક્ષકાર દ્વારા કોઇ મૌખિક પુરાવા કે સાક્ષી તપાસવામાં આવેલ નથી.

**(૨૧)** ત્યારબાદ પ્રથમ પક્ષકાર તરફે નરેશકુમાર અંબાલાલા ચૌધરીનાઓએ આંક–૩૪ થી પોતાની સગંદ પર જુબાની રજુ કરેલ છે. જેમા તેઓ જણાવે છે કે, બીજા પક્ષકારને છુટા કરવાનો કોઇ પત્ર કે મૌખિક સુચના આપેલ નથી. બીજા પક્ષકાર અત્રેની વિસ્તરણ રેન્જ ખેડબ્રહ્માની કચેરીમાં રોપા સંરક્ષણની દૈનિક કામગીરી કરતા હતા અને તેઓ સ્વૈચ્છિક રીતે કામગીરી પર આવેલ નથી અને પોતાની જાતે કામગીરીનો ત્યાગ કરેલ છે.

જ્યારે બીજા પક્ષકાર દ્વારા પ્રથમ પક્ષકારની કરવામાં આવેલ ઉલટતપાસ દરમિયાન તેઓએ કબુલ રાખેલ છે કે, કામદાર આવતા બંધ થઈ ગયેલ છે તે બાબતે સંસ્થા તરફથી પત્ર લખવામાં આવેલ છે. આવો કોઈ પત્ર આ કામે રજુ કરેલ નથી. ત્યારબાદ પ્રથમ પક્ષકાર દ્વારા કોઈ સાક્ષી તપાસવામાં આવેલા નથી.

**<u>મુદ્દા નંબર ૩ લગત દલીલો:–</u>**

**(૨૨)** બીજા પક્ષકારના વિદ્વાન વકીલશ્રીએ આંક–૪૩ થી પોતાની લેખિત દલીલો રજુ કરેલ છે. જેમા તેઓ જણાવે છે કે, પ્રથમ પક્ષકારને બીજા પક્ષકારે કાયમી કરવા બાબતે યુનિયન દ્વારા માંગણી કરતા ગેરવ્યાજબી અને ગેરકાયદેસર રીતે બદઈરાદાથી નોકરીમાંથી છુટા કરી દીધેલ છે. જે બાબતે બીજા પક્ષકાર વન અધિકારીને રૂબરૂ મળતા તેઓએ કામદાર સાથે બિભત્સ્ય વર્તન કરેલ અને ધમકીઓ આપીને કામે રાખેલ નથી. તે બાબતે બીજા પક્ષકારે સરકારશ્રીના વિવિધ વિભાગોમાં લેખિતમાં રજુઆતો કરેલ છે.

પ્રથમ પક્ષકારના દ્વારા આંક–૪૪ થી પુરસીસ આપીને જાહેર કરેલ છે કે, તેઓએ તારીખ ૦૨/૦૩/૨૦૨૩ નારોજ પુરાવા લીસ્ટ રજુ કરેલ છે તે ધ્યાને લેવા માટે વિનંતી છે. તેમજ પ્રથમ પક્ષકારના વિદ્વાન વકીલશ્રી એચ.બી.ત્રિવેદીનાઓ મૌખિલ દલીલોમાં જણાવે છે કે, કામદારની ચોકીદાર તરીકેની સંસ્થામાં કોઈ કાયમી જગ્યા આવેલ નથી અને પ્રથમ પક્ષકારે ક્યારેય ઔદ્યોગિક વિવાદ ધારાની કલમ – ૨૫(એફ) નો ભંગ કરેલ નથી.

**<u>મુદ્દા નંબર ૩ અન્વયે પુરાવાનુ મુલ્યાંકન:–</u>**

**(૨૩)** હાલના તબક્કે ઔદ્યોગિક વિવાદ ધારની કલમ–૨(OO) છટણી કોને કહેવાય તે ધ્યાને લેવી જરૂરી બને છે. જે નીચે મુજબ છે.

છટણી એટલે શિસ્તના પગલા તરીકે કરેલી શિક્ષા રૂપે હોય તે સિવાય બીજી રીતે ગમે તે કારણસર માલિકે કરેલી કોઇ કામદારની નોકરીની સમાપ્તી, પરંતુ તેમા નીચેનાનો સમાવેશ થતો નથી.

(એ) કામદારની સ્વેચ્છાપૂર્વકની નિવ્રુત્તિ

(બી) માલિક અને સંબંધિત કામદાર વચ્ચેના રોજગારના કરારમાં તે માટે શરત હોય તો નિવ્રુત્તિ વય પહોંચતા કામદારની નિવ્રુત્તિ અથવા

(બી બી) માલિક અને સંબંધિત કામદાર વચ્ચેના રોજગારનો કરાર પુરો થયે તાજો ના કરવાનો અથવા તેમા જણાવેલી તે માટેની શરત હેઠળ આવા કરારની સમાપ્તીના કારણે કામદારની નોકરીની સમાપ્તી અથવા,

(સી) માંદગીના કારણે કોઇ કામદારની નોકરીની સમાપ્તી

આમ ઉપરોક્ત કલમના આવશ્યક તત્વો સાથે હાલના કેસની હકીકતો જોઇએ તો પ્રથમ પક્ષકાર દ્વારા બીજા પક્ષકારને શિસ્તના પગલા તરીકે કરેલી શિક્ષા રૂપે છુટા કરવામાં આવેલ નથી અને પ્રથમ પક્ષકારનો આવો કોઇ બચાવ પણ નથી. જેથી કલમ–૨ (OO) મુજબ કામદાર દ્વારા રાજીનામુ આપેલ હોવાનુ તેમજ બીજા પક્ષકાર સાથે કોઇ નોકરીનો કરાર કરેલ હોવાનુ ફલિત થતુ નથી. તેમજ બીજા પક્ષકારની બીમારીના કારણોસર નોકરીની સમાપ્તી કરેલ હોવાનુ પણ રેકર્ડ પર આવેલ નથી. તેમજ પ્રથમ પક્ષકાર દ્વારા જણાવ્યા મુજબ કામદાર સ્વેચ્છાએ કામગીરી પર આવેલ નથી. તે બાબતે તેમને પત્ર લખેલ છે. પરંતુ પ્રથમ પક્ષકાર દ્વારા આવો કોઇ પત્ર રજુ કરવામાં આવેલ નથી. ત્યારે પ્રથમ પક્ષકારના જણાવ્યા મુજબ કામદાર સ્વેચ્છાએ કામગીરી પર આવેલ નથી તે હકીકત માની શકાય નહિ. તેવા સંજોગોમાં આ કામના બીજા પક્ષકારની પ્રથમ પક્ષકાર દ્વારા છટણી કરેલ હોવાનુ પુરવાર થાય છે.

**(૨૪)** હવે બીજા પક્ષકારની આવી છટણી ગેરકાયદેસર ગણાઇ કે કેમ તે અંગે જોઇએ તો કોઇ કંપની કે સંસ્થા કે માલિક દ્વારા તેઓના કામદારોને છુટા કરવાનુ કૃત્ય આપોઆપ ગેરકાયદેસર હોઇ શકે નહિ સિવાય કે કંપની કે સંસ્થા દ્વારા કામદારને છુટા કરતા પહેલા ઔદ્યોગિક વિવાદ ધારાની કલમ–૨૫(એફ) માં જણાવેલ શરતોનુ પાલન કરેલ ન હોય આ માટે નીચે મુજબની કાર્યવાહી થયેલ હોવી જરૂરી છે.

**કલમ ૨૫–એફ:– કામદારોની છટણીની પુર્વ શરતો**

કોઇ માલિક હેઠળ ઓછામાં ઓછી એક વર્ષની અખંડ નોકરી કરી હોય એવા કોઇ ઉદ્યોગમાં કામે રાખેલા કામદારની છટણી:

(એ) તે કામદારને છટણીના કારણો દર્શાવતી એક મહિનાની લેખિત નોટીસ આપવામાં આવી ન હોય અને નોટિસની મુદ્દત પુરી ન થઇ હોય અથવા તે કામદારને એવી નોટિસને બદલે નોટીસની મુદ્દત સુધીનુ વેતન આપવામાં ન આવે ત્યાં સુધી, અને

(બી) તે કામદારને છટણી વખતે અખંડ નોકરીની દરેક પુરા વર્ષ માટે અથવા છ મહિનાથી વધુ હોય તેવા ભાગ માટે પદંર દિવસના સરેરાશ પગાર જેટલુ વળતર આપવામાં ન આવે ત્યાં સુધી, અને

(સી) સમુચિત સરકાર ઉપર અથવા તે સરકાર ગેઝેટમાં જાહેરનામુ પ્રસિધ્ધ કરીમે, નિર્દિષ્ટ કરે તેવા સત્તાધિકારી ઉપર ઠરાવેલી રીતે નોટિસ બજાવવામાં ન આવે ત્યાં સુધી, કરી શકાશે નહી.

**કલમ ૨૫–જી:– છટણી માટેની કાર્યરીતિ**

કોઇ ઔદ્યોગિક સંસ્થામાં, ભારતનો નાગરિક હોય તેવા કોઇ કામદારની છટણી કરવાની હોય અને સદરહુ સંસ્થામાં તે અમુક વર્ગનો કામદાર હોય ત્યારે માલિક અને કામદાર વચ્ચે આ માટે કોઇ કબુલાત ના હોય તો સામાન્ય રીતે માલિકે સદરહુ વર્ગમાં છેલ્લે કામે રાખ્યો હોય તે કામદારની છટણી કરવી જોશે સિવાય કે માલિકે કારણોની લેખિત નોંધ કરીને કોઇ બીજા કામદારની છટણી કરી હોય.

**(૨૫)** આમ, ઉપરોક્ત કલમ–૨૫(એફ) માં કરવામાં આવેલ જોગવાઇ પ્રમાણે કોઇ પણ કામદાર જ્યારે સળંગ નોકરીમાં હોય ત્યારે આ કલમમાં દર્શાવ્યા મુજબની શરતો પુર્ણ ના થાય ત્યાં સુધી કામદારની છટણી થઇ શકે નહિ. આમ, જો કોઇ કામદારની નોકરીની છટણી દ્વારા સમાપ્તી માટે પુર્વ શરતનુ પાલન કરવાનુ આ જોગવાઇમાં ઠરાવવામાં આવેલ છે. કામદારની છટણી કરવા માટે ત્રણ શરતોનુ પાલન થયેલ હોવુ જોઇએ.

(૧) એક મહિનાની નોટિસ આપવી પડે, એક મહિનાનો નોટિસ પગાર આપવો પડે.

(૨) છટણી કરતી વખતે સળંગ નોકરીનો દરેક પુરા વર્ષ અથવા છ મહિના કરતા વધુ મુદતના ભાગ માટે સરેરાસ પંદર દિવસના પગાર જેટલુ વળતર આપવામાં આવ્યુ હોવુ જોઇએ.

(૩) ઠરાવેલી રીતે સમુચિત સરકાર અથવા નિર્દ્રિષ્ટ સત્તાઅધિકારી ઉપર નોટિસ બજાવી હોવી જોઇએ અને તેને ગેઝેટમાં પ્રસિધ્ધ કરેલી હોવી જોઇએ.

**(૨૬)** આમ ઉપરોક્ત જોગવાઇઓ ધ્યાને લેતા કોઇ કામદારને પોતાનો ઉદ્યોગમાંથી છટણી કરવી હોય અને જે કામદાર સળંગ નોકરીમાં હોય ત્યારે ઔદ્યોગિક વિવાદ ધારાની કલમ–૨૫(એફ) ની જોગવાઇનુ પાલન કરવુ જરૂરી છે. આ જોગવાઇ સાથે હાલના કેસની હકીકતને જોઇએ તો, પ્રથમ પક્ષકાર દ્વારા ઔદ્યોગિક વિવાદ ધારાની કલમ–૨૫(એફ)(એ) મુજબ ૦૧ માસ ની નોટિસ આપેલ નથી. તેમજ પ્રથમ પક્ષકાર દ્વારા છટણી કરતી વખતે સળંગ નોકરીના દરેક પુરા વર્ષ અથવા છ મહિના કરતા વધુ મુદ્દતના ભાગ માટે સરેરાશ ૧૫ દિવસના પગાર જેટલુ વળતર આપેલા હોવાનુ જણાતુ નથી. તેમજ બીજા પક્ષકારને છુટા કરવા માટે પ્રથમ પક્ષકાર દ્વારા સક્ષમ સત્તાધિકારીને જાણ કરવામાં આવેલ હોવાનુ પણ જણાતુ નથી અને પ્રથમ પક્ષકાર દ્વારા આવો કોઇ આધાર પુરાવો રજુ કરેલ નથી. તેવા સંજોગોમાં પ્રથમ પક્ષકાર દ્વારા બીજા પક્ષકારને છુટા કરતા પહેલા ઔદ્યોગિક વિવાદ ધારાની કલમ–૨૫(એફ) નુ પાલન કરેલ હોવાનુ પુરવાર થતુ નથી. જે તમામ હકીકતો તથા પુરાવા ધ્યાને લેતા પ્રથમ પક્ષકાર દ્વારા બીજા પક્ષકારને ઔદ્યોગિક વિવાદ ધારાની કલમ–

૨૫(એફ) નુ પાલન કર્યા વગર ગેરકાયદેસર રીતે છુટા કરવાનુ પુરવાર થયેલ હોય **મુદ્દા નંબર ૩ નો નિર્ણય હકારમાં** આપવામાં આવે છે.

**<u>મુદ્દા નંબર ૪:-</u>**

**(૨૭)** ઉપરોક્ત ચર્ચા કર્યા મુજબ બીજા પક્ષકાર દ્વારા છુટા કર્યાના અગાઉના વર્ષ દરમિયાન ઔદ્યોગિક વિવાદ ધારાની કલમ-૨૫(બી)(૧) મુજબ એક વર્ષની સળંગ નોકરી કરેલી હોય તેમજ બીજા પક્ષકારને ઔદ્યોગિક વિવાદ ધારાની કલમ-૨૫ (એફ) ની આવશ્યક જોગવાઈનો ભંગ કરી ગેરકાયદેસર છુટા કરેલ હોય તે સંજોગોમાં હાલના કેસની હકીકતો ધ્યાને લેતા આ કામના બીજા પક્ષકાર તરફે તેઓને સંસ્થા દ્વારા ગેરકાયદેસર રીતે છુટા કરી દીધેલ હોય, તેઓને પડેલ દિવસોના પગાર સાથે સળંગ નોકરીમાં પુન:સ્થાપિત કરવાની દાદ મંજુર કરવા અરજ કરેલ છે.

તે સંજોગોમાં હાલના કેસની હકીકતો ધ્યાને લેતા તેમજ નામદાર ગુજરાત હાઈકોર્ટના ચુકાદા **GUJARAT STATE CIVIL SUPPLIES CORPORATION LTD Versus ABDULKADAR IBRAHIM BAKALI** C/SCA/4643/2010 Dt.25/7/17 માં અવલોકન કરેલ છે કે,

It would be, thus, seen that by a catena of decisions in recent time, this Court has clearly laid down that an order of retrenchment passed in violation of Section 25-F although may be set aside but an award of reinstatement should not, however, automatically passed. The award of reinstatement with full back wages in a case where the workman has completed 240 days of work in a year preceding the date of termination, particularly, daily wagers has not been found to be proper by this Court and instead compensation has been awarded. This Court has distinguished between a daily wager who does not hold a post and a permanent employee.

**(૨૮)** હાલના બીજા પક્ષકારનો કામકાજનો પ્રકાર ધ્યાને લેતા તેમજ તેઓને તારીખ ૧૮/૧૧/૨૦૦૪ નારોજ લગભગ ૨૨ વર્ષ પહેલા કામકાજનો અંત આવેલ તે ધ્યાને લેતા તેમજ બીજા પક્ષકારને કાયમી થયેલ હોય તેવો કોઈ

સ્પષ્ટ પુરાવાની ગેરહાજરીમાં અને હાલના સમયમાં રોજિંદા દૈનિક કામદારો જે કાયમી થયેલ ના હોય તેવા કામદારોને વારંવાર છટણીનો ભયના રહે તે હેતુથી પુન:સ્થાપિત કરવાને બદલે વળતર અપાવવુ યોગ્ય જણાઈ છે. વધુમાં આ કામના બીજા પક્ષકાર દ્વારા સંસ્થામાં તેઓ કરતા હતા તેવા પ્રકારની કામગીરી ચાલુ હોય, તેઓની જગ્યાએ બીજા કોઇ વ્યક્તિ આવી કામગીરી કરતા હોય તેવો કોઈ આધાર પુરાવો આપેલો નથી.

વધુમાં નામદાર સુપ્રીમ કોર્ટના ચુકાદા **HARI NANDAN PRASAD AND ANOTHER VS. EMPLOYER I/R TO MANAGEMENT OF FOOD CORPORATION OF INDIA AND ANOTHER (2014) 7 SCC 190** માં કરેલ પેરા–૧૮ માં અવલોકન કરવામાં આવેલ છે કે,

Reasons for denying the relief of reinstatement in such cases are obvious. It is trite law that when the termination is found to be illegal because of nonpayment of retrenchment compensation and notice pay as mandatorily required under Section 25-F of the Industrial Disputes Act, even after reinstatement, it is always open to the management to terminate the services of that employee by paying him the retrenchment compensation. Since such a workman was working on daily wage basis and even after he is reinstated, he has no right to seek regularization (See: State of Karnataka v. Uma Devi (2006) 4 SCC 1 : (AIR 2006 SC 1806 : 2006 AIR SCW 1991)). Thus when he cannot claim regularization and he has no right to continue even as a daily wage worker, no useful purpose is going to be served in reinstating such a workman and he can be given monetary compensation by the Court itself in as much as if he is terminated again after reinstatement, he would receive monetary compensation only in the form of retrenchment compensation and notice pay. In such a situation, giving the relief of reinstatement, that too after a long gap,would not serve any purpose.

(૨૯) આમ, ઉપરોકત ચુકાદામાં કરેલ અવલોકનો ધ્યાને લેતા પણ હાલના કેસના સંજોગોમાં બીજા પક્ષકારની પુન: નિયુક્ત કરવામાં આવે તો પણ તેઓને ફરી છુટા કરવાનુ પ્રથમ પક્ષકાર પાસે વિકલ્પ ખુલ્લો રહેતો હોય, હાલના કેસની અગાઉ જણાવેલ હકીકતને ધ્યાને રાખવા તેમજ ઉપરોક્ત ચુકાદામાં કરેલ અવલોકનને ધ્યાને લેતા, હાલના પક્ષકારને નોકરીમાં પુન:સ્થાપિત કરવાને બદલે યોગ્ય વળતર આપવુ વ્યાજબી જણાઇ છે. આ સંજોગોમાં બીજા પક્ષકારને કેટલુ વળતર અપાવવુ જોઇએ તે સંદર્ભે હાલના કેસની હકીકતો ધ્યાને લેતા, બીજા પક્ષકારે અન્ય જગ્યાએ નોકરીઓ શોધવા પ્રયત્ન કરેલ હોય તે દર્શાવતો કોઇ દસ્તાવેજી પુરાવો આ કામે રજુ કરેલ નથી. તેમજ બીજા પક્ષકારે પોતાના માંગણા નિવેદન તથા સોગંદ પરની જુબાનીમાં જણાવ્યા મુજબ ૧૪ વર્ષથી રોજમદાર ચોકીદાર તરીકે પ્રથમ પક્ષકાર સંસ્થામાં કામગીરી કરેલ હોવાની હકીકતો જણાવેલ છે. પરંતુ પ્રથમ પક્ષકાર દ્વારા આંક-૧૯ ના સોગંદનામા સાથે બીજા પક્ષકારે ૦૧/૦૮/૧૯૯૧ થી નવેમ્બર-૨૦૦૪ સુધી કામગીરી કરેલ હોવાનુ રેકર્ડ પર આવેલ છે. પરંતુ પ્રથમ પક્ષકાર દ્વારા બીજા પક્ષકારને કેટલો પગાર ચુકવવામાં આવતો હતો તે બાબતે પગારપત્રક તેમજ પગાર સ્લીપ નામદાર કોર્ટે આંક-૧૭ લગત કરેલ હુકમ મુજબ રજુ કરેલ નથી. તે સંજોગોમાં બીજા પક્ષકારે પ્રથમ પક્ષકારની સંસ્થામાં ૧૪ વર્ષ ના લાંબાગાળા સુધી નોકરી કરેલ છે અને ત્યારબાદ તારીખ ૧૮/૧૧/૨૦૦૪ નારોજ બીજા પક્ષકારને છુટા કરવામાં આવેલા છે. બીજા પક્ષકારની નોકરીનો અંત અંદાજે ૨૨ વર્ષ પહેલા આવેલ હોય, સદરહુ ૨૨ વર્ષ દરમિયાન બીજા પક્ષકારે પ્રથમ પક્ષકાર સંસ્થામાં કોઇ કામગીરી કરેલ નથી તેમજ આટલા લાંબા સમય સુધી બીજા પક્ષકાર કોઇ આવક મેળવ્યા સિવાય બેસી રહેલ હોય તેવુ માનવાને કોઇ કારણ જણાતુ નથી.

તે સંજોગોમાં નામદાર ગુજરાત હાઇકોર્ટના ઉપરોક્ત ચુકાદા **GUJARAT STATE CIVIL SUPPLIES CORPORATION LTD Versus ABDULKADAR IBRAHIM BAKALI** C/SCA/4643/2010 Dt.25/7/17 ના પેરા ૧૫.૧૪ માં કરેલ અવલોકન મુજબ બીજા પક્ષકારે પ્રથમ પક્ષકાર સંસ્થામાં કરેલ કામગીરીના સમયની હકીકતો ધ્યાને લેતાં તેમજ ઉપરોક્ત

ચુકાદાનો કરેલ અવલોકન મુજબ અને નામદાર સુપ્રીમ કોર્ટના ચુકાદા ૨૦૧૯ **SUPREME (SC) 19 DEPUTY EXECUTIVE ENGINEER VERSUS KUBERBHAI KANJIBHAI DATED 07/01/2019** માં પ્રસ્થાપિત કરેલ સિદ્ધાંતો મુજબ બીજા પક્ષકારને ઉચ્ચક વળતર અપાવવુ ન્યાયોચિત જણાઇ છે. વધુમાં કેસના સંજોગો જોતા બીજા પક્ષકારને રેફરન્સના ખર્ચની વ્યાજબી રકમ પ્રથમ પક્ષકાર પાસેથી અપાવવી વ્યાજબી જણાતી હોય **મુદ્દા નંબર ૪ નો જવાબ અંશત: હકારમાં** આપી, **મુદ્દા નંબર ૫** અન્વયે ન્યાયના વિશાળ હીતમાં **નીચે મુજબનો આખરી હુકમ** કરવામાં આવે છે.

## -: આખરી હુકમ :-

(૧) આ કામના બીજા પક્ષકારનો હાલનો રેફરન્સ આથી **અંશત: મંજૂર** કરવાનો હુકમ કરવામાં આવે છે.

(૨) આ કામના પ્રથમ પક્ષકારનુ બીજા પક્ષકારને નોકરીમાંથી છુટા કરવાનુ કૃત્ય ગેરકાયદેસર ઠરાવવામાં આવે છે.

(૩) આ કામના પ્રથમ પક્ષકારે બીજા પક્ષકારને તેમની મુળ જગ્યાએ, સળંગ નોકરીથી, નોકરીમાં પુન:સ્થાપિત કરવાના બદલે મળવાપાત્ર તમામ હકક હિસ્સા પેટે ઉચ્ચક કુલ રકમ રૂપિયા ૧,૫૦,૦૦૦/- (અંકે રૂપિયા એક લાખ પચાસ હજાર પુરા) ચુકવવાનો હુકમ કરવામાં આવે છે.

(૪) આ કામના પ્રથમ પક્ષકારે બીજા પક્ષકારની આ રેફરન્સ ખર્ચના રકમ રૂપિયા ૫,૦૦૦/- (અંકે રૂપિયા પાંચ હજાર પુરા) ચુકવવા તેવો હુકમ કરવામાં આવે છે.

(૫) હાલનો એવોર્ડ મદદનીશ શ્રમ આયુક્તશ્રી, હિંમતનગર ને પ્રસિધ્ધિ માટે મોકલી આપવાનો હુકમ કરવામાં આવે છે.

(૬) મદદનીશ શ્રમ આયુક્તશ્રી, હિંમતનગર તરફથી એવોર્ડની નકલ પ્રસિધ્ધ થઇને આવ્યેથી અધિક્ષકશ્રી, મજુર અદાલત, હિંમતનગરને નકલ આપવા બાબતે મજુર અદાલત (પદ્ધતિ અને કાર્યરિતિ) નિયમો, ૧૯૪૭ ના નિયમ, ૩૨ ની જોગવાઇ અનુસારની કાર્યવાહિ કરવાનો હુકમ કરવામાં આવે છે.

(૭) આ હુકમનો અમલ એવોર્ડ પ્રસિધ્ધ થયેથી દિન–૩૦ માં કરવાનો રહેશે.

હુકમ આજ રોજ તારીખ ૦૬ માહે ઓગસ્ટ સને ૨૦૨૬ નારોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

Digitally signed by
NITESH KISHORBHAI NACHARE
Reason: Approved
on 06/08/2026 16:12:09 IST.

**તારીખ: ૦૬/૦૮/૨૦૨૬**
**સ્થળ: હિંમતનગર.**

D. R. Prajapati

**(નિતેશ કિશોરભાઈ નાચરે)**
**પ્રમુખ અધિકારી,**
**મજુર અદાલત, હિંમતનગર.**
**જજ કોડ નં. જીજે૦૧૪૫૧**